અપીલ અરજી નં.૧૬૩/૧૬૪ તા.૨૦–૮–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ઠાકોરભાઈ પરભુભાઈ બેજનવાલા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઠાકોરભાઈ પરભુભાઈ બેજનવાલાની આઈ ડી નં.૪૩૩ તથા ૧૫૮ તા.૧૯–૭–૧૦ ની અરજીથી રાંદેર રોડ, નવયુગ કોલેજ પાછળ આવેલ "હેતલનગર" ખાતે આવેલ પ્લોટ નં.૨૮ તથા પ્લોટ નં.૪૦ ના કબ્જેદાર ધ્વારા પહેલા માળનું ગેરકાયદેસર તથા તેની ઉપર બાંધેલ રૂમ નું ગેરકાયદેસર બાંધકામ હજી સુધી તોડવામાં આવેલ નથી કે અટકાવવામાં આવેલ નથી. જેના સંદર્ભમાં **S.M.C.** એ શું કાર્યવાહી કરી છે તેની વિગત (માહિતી) પુરી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૦–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૬૩/૧૬૪૨૦૧૦–૧૧

શ્રી ઠાકોરભાઈ પરભુભાઈ બેજનવાલાની આઈ ડી નં.૪૩૩ તથા ૧૫૮ તા.૧૯–૭–૧૦ ની અરજીથી રાંદેર રોડ, નવયુગ કોલેજ પાછળ આવેલ "હેતલનગર" ખાતે આવેલ પ્લોટ નં.૨૮ તથા પ્લોટ નં.૪૦ ના કબ્જેદાર ધ્વારા પહેલા માળનું ગેરકાયદેસર તથા તેની ઉપર બાંધેલ રૂમ નું ગેરકાયદેસર બાંધકામ હજી સુધી તોડવામાં આવેલ નથી કે અટકાવવામાં આવેલ નથી. જેના સંદર્ભમાં **S.M.C.** એ શું કાર્યવાહી કરી છે તેની વિગત (માહિતી) પુરી આપવા બાબતે અપીલ નં.૧૬૩ અંગે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/૨૫૪ તા.૭–૮–૧૦ થી આપેલ માહિતી તથા અપીલ નં.૧૬૪ નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/ ૨૫૭ તા.૯–૮–૧૦ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. બંને અરજીઓના અરજદાર એક જ વ્યકિત તેમજ જાહેર માહિતી અધિકારી પણ એક જ લાગતા હોઈ તેમજ વિષય વસ્તુ એક સરખી હોઈ બંને અપીલ અરજીઓનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા અપીલ નં.૧૬૩ પત્ર નં.આરટીઆઈ સેલ/૬૩૮ તા.૨૭–૮–૧૦ થી અને અપીલ નં.૧૬૪ નો પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૩ તા.૩૧–૮–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અપીલ અરજી નં.૧૬૩ માં અરજદારને અપીલ અરજીમાં કલમ–૨(એફ) અને ૨(જે) ધ્યાને લેતાં પ્રથમદર્શી જાહેર માહિતી અધિકારી ના પ્રત્યુત્તર સામે આપને શી વિગતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા તથા નિર્દિષ્ટ વિગતો વેસ્ટઝોન **SMC** ના દફતરે હોવાના કોઈ આધાર આપની કક્ષાએ હોય તો રજુ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અપીલ અરજી નં.૧૬૩ અને ૧૬૪ અંગે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૮–૯–૧૦ ના પત્ર, કાર્યપાલક ઈજનેર પશ્ચિમઝોન પત્ર નં.પશ્ચિમઝોન/ટીડી/૪૧ તા.૨–૩–૦૯ ના મનાઈ હુકમની નકલ , કાર્યપાલક ઈજનેર પશ્ચિમઝોન પત્ર નં.પશ્ચિમઝોન/ટીડી/૪૨ તા.૨–૩–૦૯ ના મનાઈ હુકમની નકલ મળેલ છે.

અરજદારની તા. ૧૯–૭ ૧૦ ની આઈ ડી નં. ૪૩૩ અને ૧૫૮ થી રાંદેર રોડ, નવયુગ કોલેજ પાછળ આવેલ "હેતલનગર" ખાતે આવેલ પ્લોટ નં.૨૮ અને પ્લોટ નં.૪૦ ના કબ્જેદાર ધ્વારા પહેલા માળનું ગેરકાયદેસર તથા તેની ઉપર બાંધેલ રૂમ નું ગેરકાયદેસર બાંધકામ હજી સુધી તોડવામાં આવેલ નથી કે અટકાવવામાં આવેલ નથી. જેના સંદર્ભમાં **S.M.C.** એ શું કાર્યવાહી કરી છે તેની વિગત (માહિતી) પુરી પાડવા જણાવેલ. જયારે પ્લોટ નં.૨૮ માં બાંધકામ સંદર્ભે એસએમસીએ તા.૨–૩–૦૯ ના રોજ મનાઈ હુકમ પણ ફરમાવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પ્લોટ નં.૨૮ પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૨૫૭ તા.૯–૮–૧૦ થી અત્રેના વેસ્ટઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માંગ્યા મુજબની કોઈ માહિતી ઉપલબ્ધ નથી અને પ્લોટ નં.૪૦ અંગે પત્ર નં.વેસ્ટઝોન/આ.નં.૨૫૪ તા.૭–૮–૧૦ થી કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવામાં આવતાં રાંદેર રોડ નવયુગ કોલેજ પાછળ આવેલ હેતલનગર ખાતે આવેલ પ્લોટ નં.૪૦ પર થયેલ ગેરકાયદેસર બાંધકામ અંગેની કોઈ માહિતી અત્રેની કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે આઈ ડી નં.૪૩૩ અને આઈડી નં.૧૫૮ માં નિર્દિષ્ટ સમયમાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે તા.૨૦–૮–૧૦ ના રોજ બંને અપીલ અરજી કરેલ છે.

અરજદારને આરટીઆઈ સેલના અપીલ નં.૧૬૩ માં અપીલ તબકકે પત્ર નં./૬૩૮ તા. ૨૭–૮–૧૦ થી પાઠવેલ પત્રના અનુસંધાને અરજદારે તા.૮–૯–૧૦ ના પત્રથી મુદ્દા નં.૧ પ્લોટ નં.૨૮ ના ગેરકાયદેસર બાંધકામ અંગે ૭–૨–૦૯ ના રોજ અરજી કરતાં તેના સંદર્ભે આ.નં.૩૬૬ થી ૨૦–૩–૦૯ ના રોજ આપેલ જવાબમાં વેસ્ટઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં ટીપી સ્કીમ નં.૧૧ (અડાજણ) ફા.પ્લોટ નં.૧૧૪ , ૧૧૬ માં હેતલનગર સોસા. સબ પ્લોટ નં.૨૮ ઉપર પ્રથમમાળનું કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરવા પત્ર નં.ટીડીઓ/૪૧ તથા ટીડીઓ/૪૨ તા.૨–૩–૦૯ થી અનુક્રમે મનાઈ હુકમ તથા કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. તેવું જણાવી નકલ ફી ભર્યાની નકલ આપવા પણ તૈયારી દર્શાવેલ. સદર મળેલી માહિતીના આધારે અરજી કરતાં વેસ્ટઝોન/રાંદેર તરફથી સદરહુ પ્લોટ નં.૨૮ માં ગેરકાયદેસર તેમજ બિન અધિકૃત બાંધકામ કરનાર પુષ્પાબેન ચંદ્રકાંત પટેલ ૨૮ હેતલનગર સોસા. નવયુગ કોલેજ પાછળ, રાંદેર સુરતનાને મનાઈ હુકમ તા.૨–૩–૦૯ ના રોજ આપવામાં આવેલ છે. અને તેની સાથે તે જ દિવસે સદર પ્લોટમાં હયાત ગ્રા.ફલોરની ઉપર પ્રથમ માળે ૧૪.૪૯ ફુટના માપ વિસ્તારમાં આરસીસી, બીમ , કોલમ, સ્લેબ સળીયાનું આરસીસી ફ્રેક સ્ટ્રકચરનું આરસીસી બાંધકામ શરૂ કરી નાંખ્યું છે. જે નિયમ તથા બાયલોઝ વિરુધ્ધનું છે. તેવું જણાવી તોડી નાંખવા માટે નોટીસ આપવામા આવેલ છે. જે મનાઈ હુકમ તથા બાંધકામ તોડી પાડવાની નોટીસની ઝેરોક્ષ નકલ અરજદારે રજૂ કરી રજુઆત કરેલ છે. આમ અરજદારે રજૂ કરેલ આધાર પુરાવા જોતાં અરજદારને આ.નં.૩૬૬ તા.૨૦–૩–૦૯ થી રેકર્ડ આધારીત માહિતી આપવામાં આવેલ છે. અપીલ નં.૧૬૪ અંગે અરજદારે પ્લોટ નં.૨૮ માં ગેરકાયદે બાંધકામ તોડવામાં કેમ આવતું નથી તેની માહિતીનો આગ્રહ રાખેલ છે. જાહેર માહિતી અધિકારીએ તે રેકર્ડ પર નહીં હોવાનું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) અનુસાર દફતરી ઉલપબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. જયારે અપીલ નં.૧૬૩ અંગે અરજદારે અપીલ તબકકે રજૂઆત કરેલ છે કે હેતલનગરની જગ્યામાં આવેલ પ્લોટ નં.૪૦ માં પણ ગેરકાયદેસર અને બિનઅધિકૃત

બાંધકામ થતું હોવાથી તે અંગેની ફરીયાદ કર્યા બાદ સદરહુ ઝોન ઓફિસે તે ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલું છે અને તેમાં પણ પ્લાન મંજુર થયેલ નથી તે બાંધકામ કેમ તોડી પાડવામાં નથી આવેલ? તેની માહિતી માંગતો જવાબ આ.નં.૨૫૪ તા.૭–૮–૧૦ થી વેસ્ટઝોનને માહિતી આપેલ છે. જેમાં ગેરકાયદેસર બાંધકામ અંગેની માહિતી દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૩ હેતલનગરની જગ્યા બાબતે પ્લોટ નં.૨૮ માં પ્લાન મંજુર કરાવ્યા વિના બિન અધિકૃત તેમજ ગેરકાયદેસર બાંધકામ કરનાર કબ્જેદાર સામે કાયદેસરના પગલા ભરી તે સામે મનાઈ હુકમ આપવામાં આવેલો છે અને બાંધકામ કેમ તોડી ન પાડવું? તેની નોટીસ પણ આપવામાં આવેલ છે અને એ રીતે બાંધકામ સ્થગિત કરી દેવામાં આવેલ છે. આમ ઉપરોકત દર્શાવેલ પુરાવા જોતાં સ્પષ્ટ થાય છે હેતલ નગરની જગ્યામાં પ્લોટ નં.૪૦ માં સદરહુ જગ્યાના કબ્જેદાર પ્લાન મંજુર કરાવ્યા વિના બિન અધિકૃત તેમજ ગેરકાયદેસર બાંધકામ કરાવતાં હોવા છતાં અને તે અંગે લાગતા વળગતા અધિકારીઓની લેખિતમાં તેમજ મૌખિક અવાર નવાર ધ્યાન દોરવા છતાં તે કામમાં મનાઈ હુકમ ફરમાવવામાં આવેલ નથી કે તોડવા અંગેની નોટીસ પણ આપવામાં આવેલ નથી તે ધ્યાને ખેંચે તેવી સૂચક હકીકત છે અને તેવી હકીકત માની શકાય તેમ પણ નથી. જેથી આ.નં.૨૫૪ તા.૭–૮–૧૦ ની માહિતી ધ્વારા પૂર્તતા કોલમમાં જે હકીકત જણાવેલ છે તે કાયદાની પર હોય તેમ લાગે છે. અર્થાત સત્ય અને હકીકત અને દસ્તાવેજી પુરાવાઓ અંગે માહિતી આપવામાં આવેલ નથી તેને બદલે તમારી કચેરી તરફથી પ્લોટ નં.૨૮ ને લગતા પુરાવાઓ ધ્યાનમાં લેવામાં આવે તો સદરહુ જમીનમાં પ્લોટ નં.૪૦ માટે પણ તેવા પુરાવાઓ આપવામાં આવેલ નથી યાને સપ્રેસ કરવાનું માલમ પડે છે. જેથી પ્લોટ નં.૪૦ માં જે ગેરકાયદેસર બાંધકામ મોટા પ્રમાણમાં થઈ રહયું છે તે અંગે મનાઈ હુકમ આપવામાં આવેલ હોય તેમજ બાંધકામ તોડી પાડવાની નોટીસ આપવામાં આવેલ હોય અર્થાત તે અંગે કરેલી કાર્યવાહીની માહિતી કેમ આપવામાં આવતી નથી તે મેળવવા માટે આપના પત્રમાં લખ્યા મુજબના આધારભુત પુરાવાઓ ઉપરથી જણાવ્યા મુજબ આ સાથે રજૂ કરેલ છે. પ્લોટ નં.૪૦ માં જે બિનઅધિકૃત ગેરકાયદેસર બાંધકામ થયેલું છે અને તેમાં જે તે ખાતાએ શું શું કાર્યવાહી કરી છે યાને મનાઈ હુકમ આપેલ છે કે કેમ? તથા બાંધકામ તોડી પાડવાની નોટીસ આપેલ છે કે કેમ તેની માહિતી આપવા માટે હુકમ કરવા રજૂઆત કરેલ છે.

પ્લોટ નં.૪૦ અંગે જાહેર માહિતી અધિકારીએ ગેરકાયદેસર બાંધકામ અંગેની કોઈ માહિતી રેકર્ડ પર નહીં હોવાનું જણાવેલ છે. આજ બાબતે અરજદારે તા.૨૦–૪–૧૦ તથા તા.૧૪–૬–૧૦ ની અરજીઓથી ઝોનલચીફ પશ્ચિમઝોનને પ્લોટ નં.૪૦ ના ગેરકાયદેસર બાંધકામ બાબતે વાંધા અરજીઓ આપી કાયદેસરની કાર્યવાહી કરવા તથા ગેરકાયદેસર થયેલું બાંધકામ અટકાવવા અને તોડી પાડવા રજૂઆત કરેલ. જે વેસ્ટઝોન ધ્વારા સ્વીકારેલ હોવાની પ્રતોની નકલો અત્રે રજૂ કરેલ છે અને તેના અનુસંધાને અરજદારે આઈ ડી નં.૧૫૮ થી આ બાબતે એસએમસીએ શું કાર્યવાહી કરી તેની માહિતી માંગેલ છે. વેસ્ટઝોન કચેરી ધ્વારા સ્વીકારાયેલ અરજદારની બે અરજીઓ ધ્યાને લેતાં તે અંગેની કાર્યવાહીની દફતરી હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે. જો કોઈ કાર્યવાહી થયેલ ન હોય તો તે મુજબ અરજદારને પ્રત્યુત્તર પાઠવવાનો રહે જે આઈ ડી નં.૧૫૮ ના કિસ્સામાં થયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૭–૧૦ ની બંને અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અપીલ નં.૧૬૪ આઈ ડી નં.૪૩૩ થી પ્લોટ નં.૨૮ બાબતે બાંધકામ તોડવા અંગે દફતરે નહીં હોવાની વિગતો અરજદારને આપેલ છે. જે બાબતે અરજદાર ઈચ્છુક હોય તો બાબત હેઠળના દફતરી તપાસણી હુકમ મળ્યેથી દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી ભરપાઈ કરીને મેળવવા સ્વતંત્ર છે. અને તે ધ્વારા જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે.

જયારે અપીલ નં.૧૬૩ આઈ ડી નં.૧૫૮ થી માંગેલ પ્લોટ નં.૪૦ ની માહિતી બાબતે અરજદારની તા.૨૦–૪–૧૦ અને તા.૧૪–૬–૧૦ ની અરજીના અનુસંધાને તે અંગે થયેલ કાર્યવાહીની માહિતી દફતરી હકીકતલક્ષી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

બંને કિસ્સામાં થયેલી કાર્યવાહીની વિગતોની જાણ અત્રે કરવા પણ જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) .. ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ઠાકોરભાઈ પરભુભાઈ બેજનવાલા